CC. No. 1766-2022

દાખલ કર્યાની તારીખ	૦૭-૧૦-૨૦૨૨
રજી. કર્યા તારીખ	૦૭-૧૦-૨૦૨૨
ફેંસલ કર્યાની તારીખ	૨૧-૦૯-૨૦૨૩
સમય ગાળો	**૦૦** વર્ષ ૧૧ માસ **૧૪** દિવસ

દેવભુમિ દ્વારકા જીલ્લાના મે. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મું.ખંભાળીયા

ક્રિમીનલ કેસ નંબર- ૧૭૬૬/૨૦૨૨
આંક:-

મસુરા જોધાભાઈ માંડણભાઈ
ઉ. વ. ૩૭, ધર્મે. ધંધો. મજુરી,
રે.મું.પરોડીયા,
તા.જામખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા. .....ફરીયાદી.

વિરુધ્ધ.

પતાણી લખમણભાઈ મધુભાઈ ઉર્ફે નથુભાઈ
ઉ. વ. આ. ૩૦, ધંધો. મજુરી,
રે.મું. જલારામ મેચીંગ સેન્ટરની સામેની ગલી,
રાવડા પાડો, જલારામ સ્ટેશનરીની પાછળની
ગલી, ખંભાળીયા.
તા. ખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા. ....આરોપી.

બાબત :- ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ.

ફરીયાદી તરફે : વિ. વ. શ્રી એસ. એલ. માતંગ
આરોપી તરફે : વિ. વ. શ્રી ટી. જે. વિઠ્ઠલાણી

–॥ <u>ચુ કા દો</u> ॥–

(૧) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ દાખલ કરેલી છે. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તથા ફરીયાદીને મિત્રતાના સંબંધો હોય, મિત્રતાના સંબંધે આરોપીને અંગત જરુરીયાત માટે નાણાકીય જરુરીયાત ઉભી થતાં ફરીયાદીએ આરોપીને સબંધ દાવે હાથ ઉછીના રૂા.૩૩,૦૦૦/– અંકે રૂપીયા તેંત્રીસ હજાર પુરા આપેલા અને ચાર માસમાં પાછા આપી દેવા વાયદો કરેલ. ફરીયાદીએ ચાર માસ બાદ રુપીયાની જરુરીયાત ઉભી થતા આરોપી પાસે રૂપીયાની માંગતી કરતા આરોપીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ખંભાળીયા શાખાનો ખાતા નં.૪૦૦૬૩૨૫૬૭૯૧ વાળો ચેક નં.૮૨૧૪૭૧ વાળો રૂા.૩૩,૦૦૦/– પુરાનો ચેક ફરીયાદીના નામ જોગનો ભરી અને સહી કરી તા.૨૨/૦૮/૨૦૨૨ ના દિવસનો ફરીયાદીને આપેલો અને વિશ્વાસ, ભરોસો અને ખાત્રી આપેલ કે, આ ચેક બેન્કમાં નિયત મુદતે ભરવાથી ચોકકસ પાસ થઈ જશે. ત્યાર બાદ ફરીયાદીએ સદર ચેક તેમની બેંક ઓફ બરોડા, સલાયા, શાખામાં ખાતા નં.૯૪૭૭૦૧૦૦૦૦૭૦૮૮ મા તારીખ ૨૨/૦૮/૨૨ ના રોજ જમા કરાવતા તા.૦૨/૦૯/૨૦૨૨ ના રોજ ''ફંડસ ઈન્સફીશ્યન્ટ'' ના શેરા અને રીટર્ન મેમો સાથે પરત ફરેલ. જેથી ફરીયાદીએ આરોપી સાથે વાત કરતાં કોઈ વ્યવસ્થીત જવાબ આપેલ નહી કે કોઈ રકમ પણ આપેલ નહી, જેથી આરોપીએ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે. ત્યાર બાદ ફરીયાદીએ આરોપીને તા. ૧૫/૦૯/૨૨ ના રોજ રજી.એડી.થી નોટીસ આપેલી અને ચેક મુજબની રકમ દિન–૧૫ માં ચુકતે આપી પહોંચ મેળવી લેવા જાણ કરેલ. નોટીસ આરોપીને તા.૧૬/૦૯/૨૨ ના રોજ પોતાના સરનામે બજેલ છે તેમ છતાં આરોપીએ ચેક મુજબની રકમ ચુકવવા દરકાર લીધેલ નથી, જેથી હાલની ફરીયાદીએ આરોપી સામે હાલની નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ નો ભંગ કરેલાની ફરીયાદ કરેલ છે અને ફરીયાદ મુજબ દાદ માંગેલ છે.

(૨) ફરીયાદીની હાલની ફરીયાદ દાખલ થતાં ફરીયાદીનું વેરીફીકેશન લઈ ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૪ અન્વયે આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે. જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કમલ–૨૦૭ અન્વયે ફરીયાદની નકલ તથા દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું આંક–૧૦ થી નિવેદન લેવામાં આવતાં, આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતાં સદરહું કેસ ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે મુકરર કરી આગળની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ હાથ ધરવામાં આવેલ.

(૩) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરેલ છે.

–:મૌખિક પુરાવો:–

અ.નં.	**નામ**	**આંક**
૧	ફરીયાદી મસુરા જોધાભાઈ માંડણભાઈનું પુરાવાનું સોગંદનામું,	૦૫

–: દસ્તાવેજી પુરાવા :–

અ.નં.	**પુરાવાનું વર્ણન**	**આંક**
૧	આરોપીએ આપેલ ચેક નં.૮૨૧૪૭૧ નો અસલ,	૧૧
૨	આરોપીએ આપેલ ચેક નં.૮૨૧૪૭૧ નો રીર્ટન મેમો અસલ,	૧૨
૩	ફરીયાદીએ આરોપીને મોકલેલ તા.૧૫/૦૯/૨૨ ની નોટીસની ઓફીસ કોપી,	૧૩
૪	ફરીયાદીએ આરોપીને મોકલેલ નોટીસ રજી.એડી.કર્યાની સ્લીપ,	૧૪
૫	ફરીયાદીએ આરોપીને મોકલેલ તા.૧૫/૦૯/૨૨ ની નોટીસ બજેલ તે અંગેનું પોસ્ટ ખાતાનું ઓનલાઈન સ્ટેટસ,	૧૫

(૩.૧) ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફેથી આંક–૨૧ થી પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલ છે.

(૪) ત્યાર બાદ આ કામે આરોપીનું ક્રિ. પ્રો. કો. ક. ૩૧૩ અન્વયેનું વિશેષ નીવેદન નોંધવામાં માટે કામ રાખવામાં આવેલ. જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેમની રુબરુમાં અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરી, વધુમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોનો ઈન્કારીયતમાં જવાબો આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, તેઓએ નેગો.ઈન્સ્ટ્રુ. એકટ હેઠળનો કોઈ ગુન્હો કરેલ જ નથી, તેઓની સામે ફરીયાદીની કોઈ રકમ બાકી નીકળતી નથી, ખોટો કેસ કરેલછે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે. તેઓને બચાવપક્ષના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદી તરફે વિ.વ.શ્રી એસ.એલ.માતંગની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતાની અરજી તથા આંક–૦૫ ના સરતપાસના પુરાવાના સોગંદનામાની હકીકતો દોહરાવેલ હોય, જેથી તેની વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષે દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી મિત્રતાના દાવે હાથ ઉછીના રૂા.૩૩,૦૦૦/– અંકે રૂપીયા તેંત્રીસ હજાર પુરા લીધેલા અને તે અંગે આંક–૧૧ વાળો ચેક આપેલ છે તે ચેક ફરીયાદીએ તેમની બેંકમાં ભરતાં આંક–૧૨ ના ''ફંડ ઈનસફીશ્યન્ટ''ના શેરાથી પરત આવેલ છે અને તેની આંક–૧૩ થી નોટીસ મોકલવામાં આવેલ છે, જેની ઓફીસ કોપી રજુ થયેલ છે અને આંક–૧૪ થી નોટીસ રજી. એડી. કર્યાની અસલ સ્લીપ રજુ થયેલ છે તેમજ આંક–૧૫ થી આરોપીને મોકલેલ નોટીસ મળી ગયાની પોસ્ટ ખાતાની ઓનલાઈન સ્ટેટસ રસીદ રજુ થયેલ છે અને નોટીસ આરોપીને મળી ગયેલ છે. તેઓ તરફે દલીલ છે કે, આ ચેક ફરીયાદીના આરોપી પાસે લેણાં પેટે આપવામાં આવેલ

છે અને નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ મુજબ ફરીયાદીની તરફેણમાં પ્રિઝમ્પ્શન કરી આરોપીને કાયદેસરના લેણા ચુકવી આપેલ ન હોય તેમજ ચેક રીર્ટન થયા બાદ ફરીયાદીએ સમયમર્યાદામાં ફરીયાદ દાખલ કરેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવા દલીલ કરેલ છે. ફરીયાદી તરફે વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, ફરીયાદી ફાયનાન્સ કંપની ધ્વારા આરોપીને કાયદેસરના લેણા પેટે નોટીસ આપવામાં આવેલ છે, જે નોટીસ બજી ગયા છતાં આરોપી ધ્વારા નોટીસમાં દર્શાવેલ રકમ ભરપાઈ કરેલ નથી કે કોઈ જવાબ આપેલ નથી. જેથી આરોપી વિરુધ્ધ નેગો. ઈન્સ્ટ્રુ. એકટની જોગવાઈ મુજબ અનુમાન ઉપસ્થિત થાય છે અને ફરીયાદીએ સમયમર્યાદામાં ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે તે ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવવા જોઈએ. વધુમાં તેઓએ પોતાના કેસના સમર્થનમાં **નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા, ડીવીઝન બેંચ, સુમેતી વીજ વિ. એમ/એસ. પેરામાઉન્ટ ટેક ફેબ ઈન્ડસ્ટ્રીઝ, ક્રિમી. અપીલ નં. ૨૯૨–૨૯૩/૨૦૨૧, તા.૦૯/૦૩/૨૦૨૧** ઉપર આધાર રાખેલ છે અને નેગો. ઈન્સ્ટ્રુ. એકટ કલમ–૧૩૯ નું પ્રિઝમ્પ્શન ફરીયાદીની તરફેણમાં હોય છે કારણ કે ફરીયાદીએ ચેક સહી કરી આરોપી ધ્વારા જે આપવામાં આવેલો છે તે કાયદેસરના લેણા પેટે જ આપવામાં આવેલો છે તે ધ્યાને લઈ ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરેલ છે તેવું માની અને જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી પ્રિઝમ્પ્શન ફરીયાદી લીગલ **અનફોર્સેબલ ડેપ્થ** ફરીયાદીની તરફેણમાં હોય છે.

(૫.૧) આરોપી તરફે વિ.વ.શ્રી ટી.જે.વિઠૃલાણીની દલીલ છે કે, આ કામના આરોપી ફરીયાદીના કોઈ સગા થતા નથી અને કહેવા ચેક મુજબની રકમ આરોપીને ફરીયાદીએ આપેલ ત્યારે કોઈ હાજર નથી કે પૈસા આપેલ ત્યારે કોઈ એગ્રીમેન્ટ કે લાખાણ કરાવેલ નથી અને કહેવાતો ચેક આપેલ ત્યારે ફરીયાદીએ અરોપી પાસેથી કોઈ આધાર લીધેલ નથી, તેમજ તકરારી ચેકમાં નામ, રકમ અને સહી અલગ અલગ પેનના અક્ષર છે, આરોપીને રોકડા રુપીયા આપેલ હોવાનું ફરીયાદી જણાવે છે પરંતુ કયા દરની કઈ કઈ

નોટો આપેલ તેની તેમને ખબર નથી. વધુમાં એવી દલીલ કરેલ છે કે, ફરીયાદીએ તેમની બેંક ઓફ બરોડાનું સ્ટેટમેન્ટ રજુ રાખેલ નથી કે રજુ રાખવા માંગતા નથી અને આ કામે ફરીયાદીએ આ કામે તકરારી ચેક સીવાય કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી અને તકરારી ચેકમાં આરોપીએ ફરીયાદીની રુબરુમાં કોઈ સહી કરીને ચેક આપેલ નથી. ત્યારે તકરારી ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય અને આરોપીએ હાલની ફરીયાદ ખોટી રીતે રજુ કરી ખોટા મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૬) ઉપરોકત હકીકતો તથા તમામ પુરાવાઓ ધ્યાને લેતાં, આ કેસનાં ન્યાયીક નિર્ણય સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

-: મુદ્દા :-

૧. શું ફરીયાદી સાબીત કરે છે કે, આરોપીએ ફરીયાદી પાસેથી મિત્રતાના સંબંધ દાવે રૂા.૩૩,૦૦૦/- અંકે રૂપીયા તેત્રીસ હજાર પુરા હાથ ઉછીના લીધેલા અને જેની ચુકવણી પેટે આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ખંભાળીયા શાખાનો પોતાના ખાતાનો ચેક નંબર ૮૨૧૪૭૧, તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજનો રૂા.૩૩,૦૦૦/- નો ચેક આપેલ, જે ચેક ફરીયાદીએ પોતાના ખાતાની શાખા બેંક ઓફ બરોડા, સલાયા બ્રાન્ચમાં તેમના ખાતા નં.૯૪૭૭૦૧૦૦૦૦૭૦૮૮ માં જમા કરાવવા તા.૨૨/૦૮/૨૨ ના રોજ રજુ કરતા જે ચેક તા.૦૨/૦૦૯/૨૨ ના રોજ ''ફંડસ ઈનસફીશ્યન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ અને જેની જાણ ફરીયાદીને ચેક રીટર્ન મેમો ધ્વારા થયેલ અને મજકુર ચેક ફંડસ ઈનસફીશ્યન્ટના શેરા સાથે પરત ફરેલ અને ફરીયાદીએ તે ચેક રીટર્નની સમયમર્યાદામાં આરોપીને કાયદેસરની નોટીસ, ચેકના નાણાં ચુકવી આપવા નોટીસ આપેલ જે નોટીસ આરોપીને બજી જવા છતાં આરોપીએ તે મુજબ અમલ નહી કરી, ચેકના નાણાં

સમયમર્યાદાની અંદર ફરીયાદીને નહી ચુકવી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટની કલમ− ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું આ કામમાં ફરીયાદી આરોપી પાસેથી વળતર મેળવવા હકકદાર છે ?

૩. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિણર્યો નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

−: કા ર ણો :−

(૮) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, ફરીયાદી તરફે ફરીયાદીનું આંક−૦૫ થી કલમ−૧૪૫ મુજબનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં ફરીયાદીએ ફરીયાદ મુજબની હકીકતો જણાવેલ છે. જેની અગાઉ ચર્ચા કરેલ હોય, તેનું અત્રે પુનરાવર્તન ટાળવા ઉલ્લેખ કરેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક−૧૧ થી ૧૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. જયારે સદર ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસની હકીકત ધ્યાને લેવામાં આવે તો, તેમાં એવું જણાવેલ છે કે, તેઓ ખેતીકામ કરે છે. તેમના નામે ખેતીની જમીન છે. તેઓઆરોપીનેસાત થી આઠ વર્ષથી ઓળખે છે. આરોપી અને તેમના કાકાનો છોકરો સાથે નોકરી કરતા હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી તેઓના સગા થાય છે. વધુમાં એવું જણાવે છે કે, તેમણે આરોપીને હાથ ઉછીના રૂ.૩૩૦૦૦/− આપેલા. તેમણે આરોપીને માર્ચ−૨૦૨૨ ના રોજ ઉછીના રુપીયા ચાર મહીનાની મુદત માટે મોટા માઢાના પાટીયા પાસે આપેલા. તેમણે જયારે આરોપીને હાથ ઉછીની રકમ આપેલ ત્યારે તેઓ સિવાય કોઈ હાજર ન હતું. આ પૈસા આપેલ ત્યારે કોઈ એગ્રીમેન્ટ કે લખાણ કરાવેલ નહીં. તેમને આરોપીએ તા.૨૨/૦૮/૨૦૨૨ ના રોજનો ચેક

આપેલ. આરોપીએ તેમને જે ચેક આપેલ તેમાં પણ તા.૨૨/૦૮/૨૦૨૨ લખેલ. એ વાત કબુલ રાખેલ છે કે, તેમણે જયારે પૈસા આપેલ ત્યારે તેમણે તેમની પાસેથી કોઈ આધાર લીધેલ નહીં. એ વાતનો ઈન્કાર કરે છે કે, તા. ૨૨/૦૮/૨૦૨૨ ના રોજ તેમણે આરોપી પાસેથી પૈસા માગેલા અને તે સમયે આરોપીએ આ ચેક શીકયુરીટી પૈકે આપેલો. એ વાતનો ઈન્કાર કરે છે કે, તેમણે આરોપી પાસેથી લીધેલ ચેકમાં વિગત તેમણે ભરેલી છે. એ વાત કબુલ રાખેલ છે કે, તકરારી ચેકમાં નામ, રકમ અને સહી અલગ−અલગ પેનના અક્ષર છે. સાહેદ સ્વછાએ એવું જણાવે છે કે, ભરેલ ચેક તેમને આપેલ હતો. આરોપીને તેમણે રોકડા રૂપીયા આપેલ હતા. તેમણે આરોપીને કયા દરની કઈ કઈ નોટો આપેલ હતી તે તેમને ખબર નથી. તેમણે તકરારી ચેક તેઓની બેક ઓફ બરોડાના ખાતામાં નાખેલ. એ વાત કબુલ રાખેલ છે કે, તેમણે બેક ઓફ બરોડાનુ સ્ટેમેન્ટ રજુ રાખેલ નથી. વધુમાં એવું જણાવે છે કે, તેઓ તેમની બેક ઓફ બરોડા ખાતાનુ સ્ટેમેન્ટ નામદાર કોર્ટમાં રજુ રાખવા માગતા નથી. તેમણે કેસ કરતા પહેલા આરોપીને લેખીતમાં જાણ કરેલી હતી. એ વાત કબુલ રાખેલ છે કે, આ લેણી રકમ માટે તકરારી ચેક સીવાય કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી. એ વાત કબુલ રાખેલ છે કે, આરોપીએ તેમની રૂબરૂમાં સહી કરીને ચેક આપેલ નથી પરંતુ આરોપીએ ભરેલ ચેક આપેલ હતો. એ વાત કબુલ રાખેલ છે કે, આરોપીએ તેમની રૂબરૂ સહી કરી નથી જેથી તેઓ કહી શકે નહી કે આ સહી આરોપીની છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેમણે આરોપીને કોઈ હાથ ઉછીની રકમ આપેલી ન હોવા છતા તેમની પાસે રહેલ આરોપીના સહી વગરના ખોટા ચેકનો દુરઉપયોગ કરી ચેક રીર્ટન કરાવી આરોપીને નોટીસ આપી નામદાર કોર્ટમાં ખોટો કેસ દાખલ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપે છે.

(૯) **કાયદાનો ઉદેશ :−**

આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનાં સંદર્ભમાં પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલા, સૌ પ્રથમ કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની

કલમ–૧૩૮ ને વંચાણે લેતાં, ''સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા ઉપરનો ચેક આ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેન્કરને લખે અને આવા ચેકની ચુકવણી કર્યા વિના બેન્ક પરત કરે, કારણ કે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપુરતી છે અથવા તો બેન્ક સાથે સમજુતીથી કરેલ વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ આ રકમ કરતા વધુ છે, ત્યારે આવી વ્યકિતએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની પેટા કલમ–(એ)(બી)(સી) ની શરતોને આધીન ગુન્હો કર્યો છે તેમ કહેવાય, જેમાં દેવુ અથવા અન્ય જવાબદારી એટલે કે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવુ અથવા અન્ય જવાબદારી'' આવો કાયદામાં સ્પષ્ટ ખુલાસો કરવામાં આવેલ છે.

<u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન</u> :–

''જયાં સુધી વિપરીત અસર પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને કલમ–૧૩૮ માં જણાવેલ ચેક સમગ્ર અથવા અંશત: અથવા બીજી જવાબદારી અદા કરવા માટે મળેલ છે.''

(૧૦) આમ, કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, કોઈ પણ વ્યકિતએ તેનું કાયદેસરનું દેવું અને જવાબદારી અદા કરવા માટે પોતાના ખાતાનો ચેક કોઈની તરફેણમાં લખી આપે અને તે ચેક મુજબની રકમ લખનારનાં ખાતામાં ન હોય અને અપુરતી રકમનાં કારણે ચેક પરત ફરે તો ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ ગુન્હો બને છે તેમ કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે. પરંતુ, તેવું દેવું અને જવાબદારી કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવું હોવું જોઈએ., તેમ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં સ્પષ્ટતા કરવામાં આવેલી છે. તેમજ કલમ–૧૩૯ મુજબ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેકનાં ધારકને ચેક દેવાની જવાબદારી પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન થાય છે. આમ, કાયદાની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષના પુરાવાથી ચેકની હકીકતો

પુરવાર થાય ત્યારે ચેક ધારણ કરનારની તરફેણમાં અનુમાન કરવાનું રહે છે. જયારે આરોપી પક્ષે વિપરીત સંજોગો પુરવાર કરવાનાં રહે છે.

(૧૧) ઉપર મુજબની કાયદાની જોગવાઈઓનાં સંદર્ભમાં ફરીયાદપક્ષનાં પુરાવાઓને ઘ્યાને લેતાં, આ કામના આરોપી સામેનું ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હાનું તહોમત છે, જેથી ફરીયાદપક્ષે નીચે મુજબની હકીકતો સાબિત કરવાની રહે છે.

૧. આરોપીએ ફરીયાદીને ફરીયાદીનાં કાયદેસરના લેણા પેટે ચેક આપેલ છે.

૨. આ ચેક બેંકમાં મથાળે તારીખથી છ મહીનામાં રજુ કરવામાં આવેલ છે.

૩. ચેક રજુ કરવાથી સ્વીકાર્યા વગર પરત આવેલ છે.

૪. ફરીયાદીએ આરોપીને ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(બી) ની જોગવાઈ મુજબ સમયમર્યાદામાં નોટીસ આપેલ છે.

૫. આરોપીને નોટીસ બજી ગયેલી હોવા છતાં દિન–૧૫ માં આરોપીએ નોટીસ મુજબ વર્તન કરેલ નથી. આથી એક માસમાં ફરીયાદ દાખલ કરેલ છે.

(૧૨) આમ, કાયદાની જોગવાઈઓ મુજબ સૌ પ્રથમ ફરીયાદીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા કલમ–૧૪૨ ની કાયદેસરની જોગવાઈઓનું પાલન કરેલું છે કે નહીં તે જોવાનું રહે છે. ફરીયાદપક્ષના મૌખિક પુરાવા અને રજુ કરેલ દસ્તાવેજોને ઘ્યાને લઈએ તો, આંક–૧૧ વાળા ચેકના મથાળે તા.૨૨–૦૮–૨૦૨૨ લખેલ છે. આ ચેક ફરીયાદીનાં મૌખિક પુરાવા મુજબ ફરીયાદીએ તેની બેંક ઓફ બરોડા, સલાયા શાખામાં જમા કરાવતાં, સદર ચેક ''ફંડસ ઈનસફીશ્યન્ટ'' ના શેરાથી ચેક તા.૦૨–૦૯–૨૨ નાં રીટર્ન મેમો આંક–૧૨ થી ચેક પરત ફરેલ, જેની જાણ ફરીયાદીને તેમની બેંક ઘ્વારા થયેલ. સદર આંક–૧૨ ના દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં આંક–૧૧ ના ચેક ઉપર બેંકનો સિકકો છે અને આંક–૧૨ ના રીટર્ન મેમોમાં ''ફંડસ ઈનસફીશ્યન્ટ'' નું કારણ દર્શાવેલ છે, તે મુજબ સદર ચેક બેંક ઓફ બરોડા, સલાયા શાખામાં પોતાના ખાતામાં તા. ૨૨/૦૮/૨૦૨૨ ના રોજ કલીયરીંગ અર્થે રજુ થયેલ છે. જેથી, હાલના ચેક મથાળે

તારીખથી ૦૩ માસમાં જમા કરાવવામાં આવેલ છે અને તે ચેક આંક–૧૨ ના રીટર્ન મેમોથી પરત આવેલ હોવાનું પુરવાર થાય છે. તેમજ ફરીયાદીએ આરોપીને તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ આંક–૧૩ ની નોટીસ રજી. એ. ડી. થી મોકલેલી, જેની સફેદ મની સ્લીપ આંક–૧૪ થી રજુ થયલ છે અને આંક–૧૫ થી રજી.એડી કર્યાનો પોષ્ટ ખાતાની ટ્રક કન્સાઈનમેન્ટ સ્ટેટસ રીપોર્ટ રજુ થયેલ છે. જે નોટીસ આરોપીને તા. ૧૬/૦૯/૨૨ ના રોજ મળી ગયેલ છે. સદર નોટીસનો આરોપીએ કોઈ જવાબ ફરીયાદીને મોકલેલ હોય તેવું જણાઈ આવતું નથી. આમ, આંક–૧૧ તથા આંક–૧૨ સુધીના દસ્તાવેજો ઘ્યાને લેતા, ચેક રીટર્ન થયાની તારીખથી ફરીયાદીએ દિન–૩૦ ની માં ગણાની નોટીસ આપેલી છે, જે નોટીસ આરોપીને બજી ગયેલ છે. જેથી, ફરીયાદીએ આરોપીને સમયમર્યાદામાં નોટીસ આપેલ હોવાનું પુરવાર થાય છે તેમજ આરોપીએ ફરીયાદીનાં નાણાં નહીં ચુકવતાં, ફરીયાદીએ તા.૦૭/૧૦/૨૦૨૨ ના રોજ ફરીયાદ દાખલ કરેલ છે. જે સમયમર્યાદાની અંદર દાખલ કરેલી હોવાનું પુરવાર થાય છે. આમ, કાયદાની જોગવાઈઓ અનુસાર ફરીયાદીએ આરોપીને નોટીસ આપી, હાલની ફરીયાદ સમયમર્યાદામાં દાખલ કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૩) આમ, ઉપરોકત હકીકતો ઘ્યાને લેતાં, ફરીયાદપક્ષે હાલનો ચેક સમયમર્યાદામાં બેંકમાં દાખલ કરેલ છે, તેમજ સમયમર્યાદામાં નોટીસ આપેલી છે અને સમયમર્યાદામાં ફરીયાદ કરેલી છે, તે હકીકતો પુરવાર થાય છે. પરંતુ સાથે સાથે ફરીયાદપક્ષે સૌથી અગત્યનું હાલના ચેક કાયદેસરના લેણાં પેટે આપવામાં આવેલ છે, તે પુરવાર કરવાનું રહે છે. આ માટે ફરીયાદપક્ષનાં પુરાવાઓની ઝીણવટભરી સમીક્ષા કરવી આવશ્યક છે. જયારે, આરોપી તરફે કલમ–૧૩૯ મુજબ ફરીયાદીનાં પુરવાનું ખંડન કરવાનું રહે છે. આથી ફરીયાદી તથા આરોપી પક્ષના પુરાવાઓનું કાયદાની જોગવાઈઓ અનુસાર મુલ્યાંકન કરવાનું રહે છે.

<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>

મુદ્દા નં.૧ :–

(૧૪) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી મસુરા જોધાભાઈ માંડણભાઈએ આંક–૦૫ થી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ મુજબ સોગંદનામાથી મૌખિક પુરાવો રજુ કરેલ છે, જેમાં, ફરીયાદીએ ફરીયાદની હકીકતોને સમર્થનકારી હકીકતો જણાવેલ છે, તેમજ મૌખિક પુરાવાને સંલગ્ન આંક–૧૧ થી આંક–૧૫ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. આથી, સદર કામે ફરીયાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદીએ તેની આંક–૦૫ ની સરતપાસમાં ફરીયાદ મુજબની હકીકતો જણાવેલ છે. આ અંગે બચાવપક્ષે આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં ફરીયાદીની ફરીયાદ તેમજ તેમના સોગંદ ઉપરના પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકત જણાઈ આવતી નથી. ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીને મિત્રતાના સબંધ દાવે હાથ ઉછીના લીધેલ રકમ પેટે કહેવાતો આંક–૧૧ વાળો ચેક આપેલાનું અને તે ચેક આરોપીએ સમયમયાર્દામાં પોતાના બેંક ખાતામાં નાખતાં રીટર્ન થયેલાનું અને ચેક રીટર્ન થતાં આરોપીને નોટીસ આપેલ જે બજી ગયેલાનું ફલિત થાય છે અને ત્યારબાદ હાલની ફરીયાદ સમયમર્યાદામાં કરેલ હોવાનું ફલિત થાય છે. આ કામે બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસમાં એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી કે જેથી ફરીયાદીના પુરાવાનું ખંડન થઈ શકે. આથી, બચાવપક્ષ તરફથી ફરીયાદીની ફરીયાદ અને સરતપાસની હકીકતો ગર્ભિત રીતે એડમીટ કરેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે અને આરોપીએ આંક–૧૧ વાળો ચેક લેણાં પેટે આપેલ ન હોવાનું પુરવાર થતું નથી. આમ, ફરીયાદીનું આરોપી પાસે લેણું હોવાનું તેમજ ફરીયાદીએ આરોપીને ચેક રીટર્ન થતાં ડીમાન્ડ નોટીસ કાયદા મુજબ આપેલ હોવાનું અને તે આરોપીને બજી ગયેલ હોવાનું અને તેમ છતાં, આરોપીએ તે મુજબનું વર્તન કરેલ નહી હોવાની વિગતો પુરવાર થાય છે.

વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અનુસાર ''જયારે ચેક વિરુધ્ધની હકીકતો પુરવાર કરવામાં ન આવે, ત્યારે ચેક લેણાં પેટે આપેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે.'' આમ, ફરીયાદવાળો ચેક લેણાં પેટે ફરીયાદી સંસ્થાને આપેલ નથી તે હકીકતો આરોપીએ પુરવાર કરવી જોઈએ. આ કામે આરોપી તરફે માત્ર ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં પણ ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી. આથી, ફરીયાદી અને આરોપી વચ્ચે મિત્રતાના સંબંધ દાવે લીધેલ હાથ ઉછીની રકમ પેટેનો ચેક ફરીયાદીને આપેલ હોય અને આરોપીનો ચેક ફરીયાદી સંસ્થાનાં કબજામાંથી રજુ થયેલ હોય અને તેઓએ તેની સહી કરી, ફરીયાદીને લેણાંની જવાબદારી અદા કરવા તમામ અધિકારો સાથે ચેક આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, ફરીયાદીનાં સમગ્ર પુરાવાથી તથા ફરીયાદી તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી આરોપીએ હાથ ઉછીની લીધેલ રકમ પેટે ફરીયાદીને ચેક આપેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૫) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા તથા નામ.સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં, ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસોમાં લેણું સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષ પર છે. પરંતુ, આ પ્રકારના કેસોમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા ઉપરાંત આરોપી પક્ષે રજુ થયેલ પુરાવો તથા આરોપીનો બચાવ પણ ધ્યાને લેવો જોઈએ. આમ, ઉપરોકત તમામ ચર્ચા અનુસાર ફરીયાદીનાં પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ નિ:શંકપણે પુરવાર થાય છે. પરંતુ, આ તબકકે આરોપીનો બચાવ ધ્યાને લેવો જરુરી છે.

<u>આરોપીનો બચાવ :–</u>

(૧૬) ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા કલમ–૧૪૦ ધ્યાને લેવામાં આવે તો :–કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :–

''જ્યાં સુધી વિપરીત અસર પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને કલમ–૧૩૮ માં જણાવેલ ચેક સમગ્ર અથવા અંશત: અથવા બીજી જવાબદારી અદા કરવા માટે મળેલ છે.''

કલમ–૧૪૦ :–

કલમ–૧૩૮ હેઠળની કાર્યવાહીમાં મંજુર ના કરી શકાય તેવો બચાવ :–

''ચેક લખી આપ્યો ત્યારે ચેક લખનારને એવું માનવાને કારણ ન હતું કે, ચેક રજુ કરવામાં આવશે ત્યારે તે કલમ–૧૩૮ માં જણાવેલ કારણોસર સ્વીકારી શકાશે નહીં તેવું તે કલમ હેઠળની ગુના માટેની કાર્યવાહીમાં બચાવ કરી શકાશે નહીં.

(૧૭) આમ, આ કાયદાની કલમ–૧૩૯ અનુસાર જ્યાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેકની હકીકતો માની લેવામાં આવશે અને ચેકનાં ધારકને કલમ–૧૩૮ માં જણાવેલ ચેક સમગ્ર અથવા અંશત: અથવા બીજી જવાબદારી માટે મળેલ હોવાનું ધારકની તરફેણમાં અનુમાન થાય. આ કામે આરોપીના ખાતાનો આંક–૧૧ વાળો ચેક ફરીયાદીનાં કબજામાંથી રજુ થયેલ છે. આથી આ ચેક અંગેની વિપરીત હકીકતો બચાવપક્ષે પુરવાર કરવાની રહે છે. જે બચાવપક્ષ ધ્વારા પુરવાર કરવામાં આવેલ નથી.

(૧૮) વધુમાં નામ.સુપ્રિમ કોર્ટના **કે. એન. બીના–વિ.– મુનીયપ્પા, ૨૦૦૧(૮), એસ. સી. સી., ૪૫૮** ના ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લેતાં તેમાં નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, ''આરોપીએ કાયદેસરનાં લેણાં પેટે ચેક આપેલ નથી, તે હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષની છે, તેમજ આરોપીએ ફરીયાદીનાં પુરાવાનું ખંડન કરવાનું રહે છે.'' પરંતુ આ કામે ફરીયાદીનાં સમગ્ર પુરાવાથી આરોપીએ કાયદેસરનાં લેણાં પેટે ચેક આપેલ હોવાનું પુરવાર થયેલ છે તેમજ બચાવપક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં ફરીયાદીની જુબાની કે કોઈ દસ્તાવેજી પુરાવાનું ખંડન થાય તેવી હકીકતો રેકર્ડ ઉપર પુરવાર થયેલ નથી કે કોઈ વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર

આવેલ નથી અને ફરીયાદપક્ષનાં પુરવાનું ખંડન થતું નથી. આથી, સદર ચુકાદાનાં સિધ્ધાંતો ધ્યાને લેતાં તથા વધુમાં નામ.ઉચ્ચ અદાલતના **ઉત્તમસિંગ– વિ.– રવિન્દ્રસિંગ**ના ચુકાદામાં નામ.ઉચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, ફરીયાદીએ દેવુ સીવીલ અદાલતમાં જે રીતે સાબિત કરવાનું હોય તે રીતે સાબિત કરવાનું નથી કારણ કે, આરોપીએ ચેક સહી કરીને આપેલ છે અને એન. આઈ. એકટ કલમ–૧૩૮ તેમજ કલમ–૧૩૯ તેમજ કલમ–૧૧૮ મુજબ પ્રિઝમ્પ્શન એ થાય કે આરોપીએ ચેક લેણાં પેટે આપેલા છે.

(૧૯) વધુમાં ફરીયાદપક્ષે **સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા, ડીવીઝન બેંચ, સુમેતી વીજ વિ. એમ/એસ. પેરામાઉન્ટ ટેક ફેબ ઈન્ડસ્ટ્રીઝ, ક્રિમી. અપીલ નં.૨૯૨–૨૯૩/૨૦૨૧, તા.૦૯/૦૩/૨૦૨૧** ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. આ ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે, એન. આઈ. એકટની કલમ–૧૩૯ માં ફરીયાદી ચેકના હોલ્ડર ઈન ડયુકોર્ષ એ ચેક કાયદેસરના લેણા પેટે લેવા પાત્ર નાણાના આપ્યા કે તેના પાર્ટ પેમેન્ટ માટે આપવામાં આવેલ છે, તેના માટે નાણાંના વ્યવહાર કેવી રીતે થયેલ કે બીઝનેશ વ્યવહાર પુરવાર કરવો ફરીયાદી માટે જરુરી નથી. આરોપી ઉપર એવું સાબીત કરવાનો બોજો હોય છે કે, એ કાયદેસરના લેણા પેટેના નથી અને તે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી સાબીત કરી શકે છે.

(૨૦) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, ફરીયાદીના લેણાં પેટે આરોપીએ ચેક આપેલ હોવાની અને તેવો ચેક આરોપીના એકાઉન્ટમાં પુરતી બેલેન્સ ન હોવાથી ફંડસ ઈનસફીશ્યન્ટના શેરા સાથે પરત ફરેલ હોવાની હકીકતો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ (૧) ફરીયાદીએ પોતાનું કાયદેસરનું લેણું સાબિત કરેલ છે.(૨) ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ની જોગવાઈઓનું પાલન કરેલાનું સાબિત કરેલ છે.(૩) આરોપી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની આજ્ઞાત્મક

જોગવાઈઓનું ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામે આરોપી તરફે ઉપરોક્ત દલીલોમાં જે જે તકરારો લેવામાં આવેલ છે તે ટકવા પાત્ર નથી, જેથી આરોપીને ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબીત થતો હોય, **મુદ્દા નં.૧ નો જવાબ હકાર**માં આપું છું.

મુદ્દા નં.૨ :–

(૨૧) સદર કામે આરોપીની પ્લી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૧ મુજબ આંક–૧૦ થી નોંધવામાં આવેલ છે અને જેમાં તેઓએ તેઓનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવેલ છે તેમજ આ અદાલત તરફથી સદર કામનાં ફરીયાદીની સરતપાસ રેકર્ડ કરવામાં આવેલ છે. પરંતુ, બચાવપક્ષ તરફે સદર ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન ફરીયાદીના પુરાવાનું ખંડન થાય તેવી કોઈ હકીકતો બહાર લાવી શકેલ નથી. આમ, સદર કેસની સમગ્ર ટ્રાયલ ક્રીમીનલ પ્રોસીઝર કોડના પ્રકરણ–૨૦ મુજબ સમન્સ ટ્રાયેબલની જોગવાઈઓ અનુસાર ચલાવવામાં આવેલ છે. જેથી એન. આઈ. એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ અનુસાર આરોપીને બે વર્ષ સુધીની સજા અને ચેકની રકમની બમણી રકમ સુધીનાં દંડની સજા થઈ શકે છે. આ ઉપરાંત, આ કેસનાં તમામ સંજોગો તથા નામ.સુપ્રિમ કોર્ટે તાજેતરમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો અનુસાર ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનાં કેસોના ફરીયાદી પણ ભોગ બનનાર ગણી શકાય અને તેઓને નાણાંની નુકશાની થયેલ હોય અને કેસ દરમ્યાન માનસિક ત્રાસ થયેલ હોય, તે બદલ આ પ્રકારનાં કેસનાં ફરીયાદીને પણ વળતર આપવું જોઈએ. તેમજ આ પ્રકારના કેસ ચાલતાં દરમ્યાન દિવાની દાવાની સમયમર્યાદા વિતી જતી હોય, તે સંજોગોમાં ફરીયાદીને અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી, તે તમામ સંજોગો ધ્યાને લેતાં, હાલનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. તેથી, આ કામના ફરીયાદીને ક્રિમી. પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ વળતર આપવાનાં વ્યાજબી અને ન્યાયી કારણો જણાતાં હોય, ઉપરની ચર્ચા

અનુસાર **મુદ્દા નં.૨ નો જવાબ હકાર**માં આપી, આરોપીની સ્થિતિ ધ્યાને લઈ મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) ના પ્રબંધો અનુસાર આ કામના આરોપી **પતાણી લખમણભાઈ મઘુભાઈ ઉર્ફે નથુભાઈ,** ઉ. વ. આ. ૩૦, ધંધો. મજુરી, રે.મું. જલારામ મેચીંગ સેન્ટરની સામેની ગલી, રાવડા પાડો, જલારામ સ્ટેશનરીની પાછળની ગલી, ખંભાળીયા, તા. ખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા વાળાને ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) માસની સાદી કેદની સજા અને રૂા.૧૦૦૦/– (અંકે રૂપીયા એક હજાર પુરા) દંડની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ દિવસ–૧૫ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૨) આરોપીએ ક્રિ. પ્રો. કોડ–૧૯૭૩ ની કલમ – ૩૫૭(૩) અન્વયે રૂા.૩૩,૦૦૦/– (અંકે રૂપીયા તેંત્રીસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો ૧(એક) માસની વધુ સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૩૬૩ મુજબ હુકમની સર્ટીફાઈડ નકલ હાજર થયેથી વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ તા.૨૧–મી, માહે સપ્ટેમ્બર સને–૨૦૨૩ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૧/૦૯/૨૦૨૩
ખંભાળીયા.

(રાજીવ ઈન્દ્રશેન ચોપરા)
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
જજ કોડ નં. જીજે ૦૦૭૬૫
જામખંભાળીયા.